**Inq. No.**39/2026.

**<u>ક્રિમીનલ ઈન્કવાયરી નં.૩૯/૨૦૨૬ અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ</u>**

**૧.** અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તરફે રજૂ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજૂ દસ્તાવેજો ધ્યાને લીધા.

**૨.** હાલના અરજદારે તેઓની અરજીમાં રજૂઆત કરેલ છે કે, તેઓ લક્ષ્મીનગર સોસાયટી જનતાનગર જેતપુર, તા.જેતપુર જી.રાજકોટ મુકામે તેઓના કુટુંબ સાથે વસવાટ કરે છે અને વ્યવસાય કરી જેતપુર મુકામે રહે છે.

તેઓએ ઉપરોક્ત નંબરની ફરિયાદ અરજી સાયબર ક્રાઈમમાં કરેલી. તેઓની ફરિયાદ હકીકત મુજબ તેઓને તા.૨૭/૦૭/૨૦૨૫ના રોજ ધ્યાનમાં આવેલ કે, તેઓ સાથે સાયબર ક્રાઈમ બનેલ અને બનાવમાં તેઓના AXIS BANK ના ખાતા નં./ક્રેડીટ કાર્ડ 924010045435737 માંથી રૂ.44300/- ઉપડી ગયેલ હતા. તેથી તેઓને ફ્રોડ થવાની શંકા ગયેલી જેથી સાયબર ક્રાઈમમાં ફરિયાદ અરજી કરેલ જેના ટીકીટ નં.31107250144025 છે.

ત્યારબાદ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સામેવાળાના State bank of India A/c No.41354023779 માં ગયેલ નાણાં રૂ.3847/-, IDFC FIRST BANK A/c No.10236284604 માં ગયેલ નાણાં રૂ.5900/-, Punjab National

Bank(including oriental bank of commerce and united bank of india) A/c No.3671002100012977 માં ગયેલ નાણાં રૂ.4400/- માં અરજદારના નાણા ગયેલા તે ફ્રિજ કરાવેલ છે જે રકમ પરત મેળવવા હાલની અરજી કરવા ફરજ પડેલ છે.

જેથી આ ફરિયાદ લાવી અરજી કરેલ છે કે,

(એ) પ્રીયંકાબેન મોહીતભાઈ ખુહા AXIS BANK ના ખાતા નં./ક્રેડીટ કાર્ડ 924010045435737 માંથી રૂા.44300/- તેમજ સામેવાળાના State bank of India A/c No.41354023779 માં ગયેલ નાણાં રૂ.3847/-, IDFC FIRST BANK A/c No.10236284604 માં ગયેલ નાણાં રૂ.5900/-, Punjab National Bank(including oriental bank of commerce and united bank of india) A/c No.3671002100012977 માં ગયેલ નાણાં રૂ.4400/- જે અરજદારના નાણ ગયેલા તે (અનફ્રિઝ) અંગે હુકમ કરવા તેમજ આ એકાઉન્ટમાં ટ્રાન્જેકશન કરવા માટે પરવાનગી આપવા હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

(બી) આ અરજીને અનું રૂપ હરકોઈ હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે.

3. ઉપરોક્ત રકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી

રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી. તેઓને ખુબ જ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપિયાની જરૂર હોય સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

**૪.** અરજદાર તરફે આંક-૦૩થી નિશાની-૩/૧ થી ૩/૭ સુધી રજૂ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા.

**૫.** અરજદારની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે પી.આઇ.શ્રી, જેતપુર સીટી પોલીસ સ્ટેશનનાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહિત સ્પષ્ટ અભિપ્રાય રજૂ કરવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે પી.આઇ.શ્રી, જેતપુર સીટી પોલીસ સ્ટેશનનાઓ તરફથી આંક-૦૪થી અભિપ્રાય રજૂ છે. જેમાં જણાવેલ છે કે, અરજદાર પ્રીયંકાબેન મોહીતભાઈ ખુહા નાઓના સામાવાળા શંકાસ્પદ બેંક State bank of India A/c No.41354023779 માં ગયેલ નાણાં રૂ.3847/-, IDFC FIRST BANK A/c No.10236284604 માં ગયેલ નાણાં રૂ.5900/-, Punjab National Bank(including oriental bank of commerce and united bank of india) A/c No.3671002100012977 માં ગયેલ નાણાં રૂ.4400/- ફ્રીઝ થયેલ છે સદર બેંક ખાતા શંકાસ્પદ હોવાનું જણાય આવે છે સદરહું ખાતુ સીઝ કર્યા બાદ બેંક ખાતા ધારકને

તા.૩.૦૮.૨૦૨૫ ના રોજ બેંક મારફતે ઈમેલ કરી દીન-૭ માં રજુઆત કરવા જણાવેલ છતાં કોઈ વાંધા તકરાર જણાવેલ નથી. જેથી અરજદારશ્રીને AXIS BANK ના ખાતા નં./ક્રેડીટ કાર્ડ 924010045435737 માં પાછા આપવા અભિપ્રાય થાય છે.

**૬.** અરજદાર તરફે વિ.વ.શ્રીએ અરજી મુજબ મૌખિક દલીલ કરેલ છે, તેમજ આંક-૦૪ના અભિપ્રાય મુજબની રકમ અરજદારને કબુલ હોવાનું જણાવેલ છે.

**૭.** સદર કામે અરજી સાથે રજૂ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતાં તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતાં તે હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર પાસેથી સાઈબર ગુનામાં રૂ.૩૮૪૭/-, ૫૯૦૦/-, ૪૪૦૦/- સામાવાળાના ખાતામાં ફ્રીઝ થયેલ છે. આમ, સદર હકીકત ધ્યાને લેતા અરજદારના ઉપર જણાવ્યા મુજબના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનું હાલના તબક્કે સ્પષ્ટ જણાઇ આવે છે. તદઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદિન સુધી કોઇ એફ.આઇ.આર. થયેલ હોય કે હાલના કામે કોઇની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઇ આવતુ નથી, તેમજ બનાવ બન્યો આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઇએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરેલ હોય તેમ જણાતુ નથી તથા સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઇ

વ્યક્તિએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ(પોલીસ) સમક્ષ કોઇ વાંધા તકરાર લીધેલ નથી. તપાસ કરનાર અમલદારશ્રીએ અરજી મુજબ સીઝ થયેલા નાણાં પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી, બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ તથા ૫૦૩ ની જોગવાઈઓ ધ્યાને લઇ હાલના અરજદારને સદર નાણાંનો કબજો હાલના તબક્કે શરતોને આધીન સોંપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે.

૮. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા સદર નાણાં બેંકમાં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, તેમજ ભવિષ્યમાં પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં. ૩૦૭ ના કેસમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોક્ત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–।। હુકમ ।।–**

૧. અરજદારની અરજી આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અને ૫૦૩ હેઠળ આથી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદારને સદર ગુનાના કામે સીઝ કરવામાં આવેલ રોકડ રકમ રૂા.૩૮૪૭/–, ૫૯૦૦/–, ૪૪૦૦/– પુરા દોઢી રકમના જાત

જામીન(બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપ્યેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર દ્વારા હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી દ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ સામાવાળા ખાતા ધારકની બેંકોને કરવી તેમજ સામાવાળા ખાતાધારકોની બેંકોને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી દ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન-૧૦ માં તેમની બેંકમાના એકાઉન્ટમાં ફ્રીઝ થયેલ રકમ અરજદારના AXIS BANK ના ખાતા નં./ક્રેડીટ કાર્ડ 924010045435737 માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

**-|| શરતો ||-**

૧. અત્રેની અદાલત જ્યારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણાં અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

૨. ઉપરોક્ત ખાતાધારક વ્યક્તિ કે અન્ય કોઈ વ્યક્તિ સદર નાણાં પર ક્લેઈમ કરે અને પોતાનો હક્ક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

૩. આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી અરજદારે સદર મુદ્દામાલ રોકડ નાણાં અન્ય કોઇને ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ રીતે ટ્રાન્સફર કરવા કરાવવા નહીં.

૪. સદર મુદ્દામાલ રકમનો કોઈ ગુનાહીત કામે ઉપયોગ કરવો/કરાવવો નહીં.

૫. કોઈપણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ્દ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

– હુકમની જાણ કરતી યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ તારીખઃ૦૧, માહેઃમે, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખઃ ૦૧/૦૫/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જેતપુર.**

**UIC–GJ**01563.